ચિરાગે હિદાયત
૨૪૦

# તાઅજીલે ઝહુર માટે દુઆ શા માટે ?

હાલના ઝમાનામાં દુનિયા જોરો ઝુલ્મથી ભરાઇ ગઇ છે. આ જોરો ઝુલ્મથી નજાત મેળવવા માટે આપણે અલ્લાહ તઆલા પાસે ઈમામ(અ.સ.)ના ઝહુર માટે દુઆ કરવી જોઇએ.

તે ઉપરાંત હઝરત સાહેબુલ અસ્ર(અ.સ.)ની માટે દુઆ કરવાના ઘણા બધા ફાયદા અને બરકતો છે તેમાંથી એક અહેમ બરકત અને ફાયદો એ પણ છે કે ઈમામે ઝમાના(અ.સ.) પોતે પણ તે મોઅમીન શખ્સ માટે દુઆ કરે છે અને આપણો તે અકીદો છે કે મૌલાની દુઆ ક્યારેય પણ રદ્દ નથી થઇ શકતી.

ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુરની તાઅજીલ માટે દુઆ કરવી અલ્લાહના હુકમની ઈતાઅત અને હઝરત રસૂલેખુદા(સ.અ.) તથા એહલેબૈત(અ.મુ.સ.)ની પૈરવી છે. સાથે સાથે ઈમામ(અ.સ.)ના ઝહુરની માટે દુઆ કરવાના ઘણા બધા ફાયદા પણ છે. જેમાંથી અમે અમુકનો ઝિક્ર અહીં કરી રહ્યા છીએ.

૧) ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુરની તાઅજીલ માટે દુઆ કરવી આ વાતની નિશાની છે કે આપણે આપ(અ.સ.)ને કેટલી મોહુબ્બત કરીએ છીએ અને પરિણામે આપણું ઈમાન અને યકીન વધારે મજબૂત થાય છે.

૨) ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુરની દુઆ હકીકતમાં મોઅમેનીનની મુશ્કિલોને દૂર કરવાની દુઆ છે. ઈમામે ઝમાના(અ.સ.)એ પોતે પોતાની તૌકી (પત્ર)માં આ બાબત તરફ ઈશારો કરી ફરમાવ્યું "મારા ઝહુરમાં તાઅજીલ માટે દુઆ કર્યા કરો કે મારો ઝહુર તમારી માટે ખૂબજ બરકતભર્યો અને ફાયદાકારક છે અને તેનાથી તમારા કામોમાં વુસઅત અને આસાની પૈદા થશે."

૩) નેઅમતોમાં વધારો થાય છે.

૪) આ દિલથી મોહુબ્બત કરવાના ઈઝહારની નિશાની છે.

૫) અઈમ્માએ તાહેરીન(અ.મુ.સ.)ના અહેકામોને જીવીત થાય છે.

૬) શૈતાનની માટે પરેશાનીનું કારણ છે.

૭) ખુદાવંદે આલમના દિનને જીવીત રાખે છે.

૮) અજ્રે રિસાલત અદા થાય છે.

૯) ખુદાવંદે આલમની ઈતાઅત થાય છે.

૧૦) દુઆ કબુલ થવાની નિશાની છે.

૧૧) બલાઓ દૂર થાય છે.

૧૨) રિઝ્કમાં બરકત થાય છે.

૧૩) ગુનાહો ખત્મ થવાનું કારણ છે.

૧૪) પયગંબરે અકરમ(સ.અ.વ.)ના દોસ્તોમાં ગણતરી થાય છે.

૧૫) ઈમામ(અ.સ.)નો ઝહુર જલ્દી થઇ જશે.

૧૬) દિને ખુદાની મદદ કરનારાઓમાં શુમાર થાય છે.

૧૭) જન્નતવાળાઓમાં શુમાર થાય છે.

૧૮) આ દુઆ ઉલુલ અમ્રની ઇતાઅત છે.

૧૯) કયામતના દિવસે હિસાબ કિતાબમાં આસાની થશે.

૨૦) દુઆ બહેતરીન ઈબાદત છે.

૨૧) શઆએરૂલ્લાહની તાઅઝીમ છે.

૨૨) પયગંબરે અકરમ(સ.અ.વ.)ની શફાઅત નસીબ થશે.

૨૩) બૂરાઇ નેકીમાં ફેરવાઇ જાય છે.

૨૪) ઝમીનવાળાઓના અઝાબમાં કમી થશે.

૨૫) ખુદાવંદે કરીમની રહેમત શામિલે હાલ થશે.

૨૬) કયામતના દિવસે ઈમામે ઝમાનાની શફાઅત નસીબ થશે.

૨૭) કયામતના દિવસે પ્યાસ દૂર થઇ જશે.

૨૮) ફરિશ્તાઓ તેના હકમાં દુઆ કરશે.

૨૯) દુઆ આલમે બરઝખમાં તેની મદદગાર થઇ જશે.

30) પયગંબરે અકરમ(સ.અ.વ.)ની સાથે જેહાદ કરીને શહીદ થનારનો દરજ્જો હાંસિલ થશે.

૩૧) હઝરત ઈમામે ઝમાના(અ.સ.)ના પરચમ હેઠળ શહીદ થવાનો સવાબ નસીબ થશે.

૩૨) હઝરત ઈમામે ઝમાના(અ.સ.)ની મદદ કરવાનો સવાબ નસીબ થશે.

૩૩) કયામતના દિવસે અઝાબથી મહેફુઝ રહીશું.

૩૪) જનાબે ફાતેમા(સ.અ.)ની શફાઅત નસીબ થશે.

૩૫) આખરી ઝમાનાના ફિતના અને ફસાદથી મહફુઝ રહીશું.

૩૬) હજ અને ઉમરાહનો સવાબ મળશે.

પરવરદિગારે આલમ પાસે દુઆ છે કે અલ્લાહ આપણો શુમાર ઈમામે ઝમાના(અ.સ.)ના મુખ્લીસ, વફાદાર નાસીરોમાં કરે અને આપણને ખુલુસે દિલથી દુઆ કરવાની તૌફીક ઈનાયત ફરમાવે તથા આપણી દુઆઓને ઈમામે ઝમાના(અ.સ.) વડે મુસ્તજાબ ફરમાવે. ઈલાહી આમીન.

**પ્રકાશક :** હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com